| GJSN170012122025 | | દાખલ થયા તારીખ: | ૧૬/૧૦/૨૦૨૫ | |
|---|---|---|---|---|
| | | રજુ કર્યા તારીખ: | ૧૬/૧૦/૨૦૨૫ | |
| | | ફેંસલ કર્યા તારીખ: | ૦૬/૦૩/૨૦૨૬ | |
| | | સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૪ | ૨૨ |

**થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**

**મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૯૦૦/૨૦૨૫**

**આંક–૧૭**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**––– વિરૂધ્ધ–––**

**<u>આરોપી:–</u>** (૧) **કેતન ઉર્ફે કાળુ રમણભાઇ મકવાણા, ઉ.વ.૨૨**
રહે. થાનગઢ ઘુઘા ગેરેજ પાછળ, તા.થાનગઢ,
જિ.સુરેન્દ્રનગર

(૨) **સાવનભાઇ વીનુભાઇ વણપરા, ઉ.વ.૩૦**
રહે. થાનગઢ કુલવાડી, તા.થાનગઢ,
જિ.સુરેન્દ્રનગર

==================================================

**ગુન્હો:–ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧** મુજબ

==================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ
આરોપીઓ પક્ષ તરફે : વિ.વકીલ શ્રી એમ.બી. દવે/
વિ.વકીલશ્રી જે.એમ. વાઘેલા

==================================================

**<u>–:: ચૂકાદો ::–</u>**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૩૦/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૦૦ વાગ્યે હોન્ડા કંપનીનું એકટીવા જેના રજી નંબર GJ-13-BC-9929 વાળામાં MCDOWELLS કંપનીની NO 1 ORIGNAL WHISKY લખેલ અંગ્રેજી દારૂની બોટલ નંગ-૨ જે કિં.રૂ.૮૦૦/- તથા હોન્ડા કંપનીનું એકડીવા રજી નંબર GJ-13-BC-9929 ની કિં.રૂ.૩૦,૦૦૦/- એમ મળી કુલ રૂ.૩૦,૮૦૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ પ્રોહીબીશન ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૪૦૪૩૪/૨૦૨૪થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીઓને સમન્સની બજવણી થતાં તે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં બી. એન. એસ. એસ.ની કલમ-૨૩૦ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીઓને આપવામાં આવેલાની ખાત્રી કર્યા બાદ તેની સામેના ગુન્હાનું તહોમતનામું આંક-૩ થી ફરમાવી અને આરોપીની આંક-૪, ૫ થી ગુન્હા અંગે કબુલાતની પૃચ્છા બાબતની પ્લી નોંધતા આરોપીઓએ ગુન્હો કબૂલ કરવાનો ઇન્કાર કરેલ, જેથી કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલ.

**3.** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**-: મૌખિક પુરાવા:-**

| અનુ. નં. | આંક- | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ સાહેદ હરેશભાઇ નારણભાઇ ખમાણીની જુબાની |

| | | |
|---|---|---|
| ૨ | ૦૮ | પંચ સાહેદ મહેશભાઈ ભોગીલાલ ચૌહાણની જુબાની |
| ૩ | ૧૩ | ત.ક.અ. મહેન્દ્રકુમાર તખતદાન ગઢવીની જુબાની |

**૪.** ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**−: દસ્તાવેજી પુરાવા:−**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૨ | ૧૪ | ફરિયાદ |
| ૩ | ૧૫ | ડેપ્યુટ હુકમ |

**૫.** ફરિયાદપક્ષ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ ન થતા ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત રજૂ પુરાવા પરથી બી.એન.એસ.એસ.ની કલમ−૩૫૭ ની જોગવાઈ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ પક્ષકારો તરફે દલીલો સાંભળવામાં આવેલ. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

**૬.** આ કામના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૩૦/૦૭/૨૦૨૪ ના રોજ કલાક ૧૮:૦૦ વાગ્યે હોન્ડા કંપનીનું એકટીવા જેના રજી નંબર GJ-13-BC-9929 વાળામાં MCDOWELLS કંપનીની NO 1 ORIGNAL WHISKY લખેલ અંગ્રેજી દારૂની બોટલ નંગ−૨ જે કિં.રૂ.૮૦૦/− તથા હોન્ડા કંપનીનું એકડીવા રજી નંબર GJ-13-BC-9929 ની કિં.રૂ.૩૦,૦૦૦/− એમ

મળી કુલ રૂ.૩૦,૮૦૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર મળી આવી **પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

૮. **:: નિર્ણય અંગેના કારણો ::**

**૯.** ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઈ આવે છે. જે નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧.**

(૯.૧) આ કામે **આંક-૦૬ થી પંચ સાહેદ હરેશભાઈ નારણભાઈ ખમાણી તથા આંક-૦૮થી પંચ સાહેદ મહેશભાઈ ભોગીલાલ ચૌહાણને** તપાસવામાં આવેલા છે. તેઓ **આંક-૦૭ના** પંચનામાના પંચ સાહેદો છે. આ પંચ સાહેદોએ પોતાની જુબાનીમાં આંક-૦૭ ના પંચનામાની વિગત આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ **દારૂ** મળી આવેલાની હકીકતને સમર્થન આપેલ નથી. તેમણે પોલીસના કહેવાથી એક તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી. આ તૈયાર લખેલા કાગળમાં શુ લખેલ હતુ તે તેમણે વાંચેલ નહી. એના સિવાય બીજુ તેઓ કાંઈ જાણતા નથી તેમ જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરેલ છે તેમાં પણ તેઓએ આંક-૦૭ ના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આ પંચ સાહેદોની જુબાનીથી આરોપીના કબ્જામાંથી આંક-૦૭ ના પંચનામા મુજબનો મુદ્દામાલ મળી આવેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી.

(૯.૨) ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે આ કામે **આંક–૦૯થી ત. ક. અ. મહેન્દ્રકુમાર તખતદાન ગઢવીને** તપાસવામાં આવેલ છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, તેઓ થાનગઢ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા અને સદર ગુનાની ફરીયાદ પો.કો. ઇન્દ્રજીતસિંહ રાજેન્દ્રસિંહ પરમારનાઓએ આપેલી. જેમાં ફરીયાદી તરીકે પોલીસ કોન્સ. ઇન્દ્રજીતસિંહ રાજેન્દ્રસિંહ પરમારનાઓની સહી તેઓ ઓળખી બતાવે છે જે ફરીયાદ આ કામે આંક–૧૪ થી રજુ છે. સદર ગુનાની તપાસ તેમને સોંપેલી. જે ડેપ્યુટ હુકમની ખરી નકલ તેઓ રજુ કરે છે જે આ કામે આંક–૧૫ થી રજુ છે. ત્યારબાદ તેઓએ રેડમાં સામેલ પોલીસ સાહેદના નિવેદન નોંધેલા અને આરોપી સામે પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે જે આજ રોજ નામદાર કોર્ટમાં હાજર નથી. **સદર ત.ક.અ.ની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામુ પોતાની રીતે જાતે લખી લઇ પાછળથી પંચોની સહીઓ કરાવેલ. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે અને રહેણાંકી વિસ્તાર છે. એ વાત ખરી છે કે, એસ. પી. કચેરી તરફથી પ્રોહીબીશનના કેસો કરવાનો ટાર્ગેટ આપવામા આવે છે. એ વાત ખરી નથી કે મુદ્દામાલ બીન વારસી મળી આવેલ હોવા છતાય આરોપીનો બતાવી ખોટી તપાસ કરી આરોપી સામે કોઇ પણ જાતનો પુરાવો ન હોવા છતાય ખોટુ ચાર્જશીટ કરી આજરોજ નામ.કોર્ટમા ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આમ, ફરીયાદપક્ષ ધ્વારા રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬ અન્વયે અનુમાન થઇ શકે તેવો કોઇ પુરાવો આ કામે રજૂ થવા પામેલ નથી.

હાલના કેસના ન્યાયિક નિર્ણયો સારુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ જેમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા માર્ગદર્શક સિધ્ધાંતો પ્રસ્થાપિત કરવામાં આવેલ છે જે ધ્યાને લેવા મહત્વપુર્ણ બની રહેશે.

**નામદાર ગુજરાત હાઈકોર્ટે ધીરજલાલ ગાંડાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૧(૧) જીએલઆર ૪૩૩** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જો બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવી ન હોય અને પંચોનો પુરાવા દારૂ મળી આવેલ તેવા ફરીયાદ પક્ષના પુરાવાને સમર્થન આપતો ન હોય તેવા કિસ્સામાં કલમ ૧૧૬ (બી) અન્વયે દારૂના કબ્જા અંગેની ધારણા ઉત્પન્ન કરી શકાય નહી.

વધુમાં **નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુલાબભાઈ રણછોડભાઈ અને અન્યો વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં કે જે ૧૯૯૨(૨) જીએલએચ(અનરિપોર્ટેડ જજમેન્ટ) ૧૧** થી પ્રસિધ્ધ થયેલ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન કરતા પહેલા ફરીયાદપક્ષે કેટલીક હકીકતો પુરાવાથી પુરવાર કરવી પડે જે મુજબ ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે (૧) આરોપી સીલ બોટલના કબ્જામાં હતો. (૨) સદર સીલ બોટલો ઉપર અસલ લેબલ લગાડેલ હતુ. (૩) સદર લેબલ દારૂની બ્રાન્ડ કઈ હતી તે દર્શાવતું હોવુ જોઈએ તેમજ સદર લેબલ તેના ઉત્પાદકનું પણ નામ દર્શાવતું હોવું જોઈએ.

વધુમાં જો લેબલમાં દર્શાવવામાં આવેલ ઉત્પાદક કંપનીના જવાબદાર અધિકારીએ કોર્ટ સમક્ષ તપાસીને એ હકીકત પુરવાર કરવામાં ના આવે કે સદર દારૂની બોટલો અસલી હતી ત્યાં સુધી પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(બી) અન્વયેનું અનુમાન થઈ શકે નહી.

**૧૧.** નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોની ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ દારૂ કબજે કરવામાં આવેલ હોય કે તપાસમાં આરોપીનું નામ ખુલેલ હોય તેવી ફરીયાદ પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચ સાહેદો સમર્થન આપતા નથી તેમજ આરોપી ઈગ્લીશ દારૂનું વેચાણ કરતા હોવાની હકીકતને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચ સાહેદોની જુબાનીથી સમર્થન મળેલ નથી તે સિવાય આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ કામે કબજે કરવામાં આવેલ

મુદ્દામાલનો એફ.એસ.એલ. રિપોર્ટ રજુ નથી કે સદર મુદ્દામાલ બોટલો ઉપર જે ઉત્પાદક કંપનીના બ્રાન્ડ કે લેબલ હતા તે કંપનીના માણસનો કોઈ જવાબ લીધેલ નથી તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દારૂની બોટલો ઉપર જે લેબલ લાગેલા હતા તે જ કંપનીની આ દારૂની બોટલો હતી તે હકીકત દર્શાવતો કોઇ સ્વતંત્ર પુરાવો આ કામે રજૂ થયેલ નથી. ફરીયાદપક્ષે કોર્ટ સમક્ષ આવા કોઈ કંપનીના અધિકારીને તપાસેલ નથી. તેવા સંજોગોમાં આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ બોટલોમાં વિદેશી દારૂ જ હતો તેવી હકીકત માની શકાય નહી અને તે સંજોગોમાં આ કામના આરોપીના કબજામાં દારૂ જ હતો એવું માની શકાય નહી.

આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો હુકમ કરવો ન્યાયસંગત જણાતા ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** આ કામના આરોપી **(૧) કેતન ઉર્ફે કાળુ રમણભાઈ મકવાણા, ઉ.વ.૨૨,** રહે. થાનગઢ ઘુઘા ગેરેજ પાછળ, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગર **(૨) સાવનભાઈ વીનુભાઈ વણપરા, ઉ.વ.૩૦,** રહે. થાનગઢ કુલવાડી, તા.થાનગઢ, જિ.સુરેન્દ્રનગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે **ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧** મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ **વાહન** અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી બિનશરતી કાયમ કરવામાં આવે છે અન્યથા માલિકની ખરાઈ કરી પરત સોંપવું. મુદ્દામાલ **દારૂનો** અપીલ સમય બાદ નાશ કરવો.

**૩.** આથી આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયના જામીન રૂ.૫૦૦૦/– ના રજૂ કરવા અન્યથા અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ હુકમ અંગેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬ (વિપુલ કાંતિભાઇ વાઘેલા)
થાનગઢ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
થાનગઢ
**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**